લીડર,નિષ્પક્ષ,નિઃસ્વાર્થ,નિપુણ,સેવાભાવી,સહયોગી,સ્પષ્ટ,સંસ્કારી પ્રતિભા સાથે પ્રસિદ્ધ થતું દૈનિક
VALUABLE 34 YEARS EXPERIENCE GUJARAT TODAY
ગુજરાત ટુડે
GUJARAT TODAY
Ahmedabad
08-JUL-2025
TUESDAY
www.gujarattoday.in
GUJARAT TODAY

# પિતા ગુમાવનારી દીકરીઓના પહેલા જથ્થા સાથે ડૉ. ફારૂક પટેલ જાતે મક્કા-મદીના ગયા

## કેપી ગ્રુપ અને પીપી સવાણી ગ્રુપ દ્વારા શરૂ કરાયેલી ચારધામ યાત્રામાં ૩૦૦ ગંગાસ્વરૂપ બહેનોએ યાત્રા કરી, રવિવારે ઉમરાહ માટે ૧૬ દીકરી-જમાઈનું ગ્રુપ ઉપડ્યું

(વિશેષ સંવાદદાતા દ્વારા)

સુરત, તા.૭

આ રવિવારે પિતા વિહોણી મુસ્લિમ દિકરીઓનો ખુશીઓનો પાર ન રહ્યો. તેમનું જીવનનું સૌથી મોટું સપનું પુરૂં થવા જઈ રહ્યું હતું. તેઓ પોતાના પતિ સાથે મક્કા-મદીના સઉદી અરેબિયા ઉમરાહની ૧૫ દિવસની જાત્રા કરવા જઈ રહી હતી અને તેમની સાથે કેપી ગ્રુપના ચેરમેન-એમડી ડો. ફારૂક પટેલ પત્ની સાથે આ ઈબાદતમાં જોડાયા. પીપી સવાણી ગ્રુપમાં જે પિતા વિહોણી દિકરીના નિકાહ કરાવાય છે તે દિકરીઓને પતિ સાથે ઉમરાહ કરાવવાની નેમ કેપી ગ્રુપે લીધી છે. ૧૬ દિકરી-જમાઈ સહીત ૨૫ જણાંનું



## કોઈપણ નાત-જાત, ધર્મના ભેદભાવ વિના ડૉ. ફારૂક પટેલ અને મહેશ સવાણીએ ચારધામ યાત્રા તથા ઉમરાહ યાત્રા કરાવવાનો પ્રશંસનીય નિર્ણય કર્યો છે

એક ગ્રૂપ રવિવારે સઉદી અરેબિયા એરલાઈન્સમાં રવાના થયું. તેઓની આ પવિત્ર યાત્રાને પીપી સવાણી ગ્રુપના સખીદાતા મહેશભાઈ સવાણીએ તેમના કડોદરા સ્થિત મોહિત ફાર્મ હાઉસથી આરંભ કરાવ્યો. જ્યારે ડો. ફારૂક પટેલ તેઓને એરપોર્ટથી સઉદી અરેબિયા સાથે લઈ ગયા અને તેઓને ઉમરાહ પુરો કરાવ્યો. માત્ર માનવતાને પ્રાથમિકતા આપતા આ બંને મહાનુભાવોએ ભેગા થઈને નક્કી કર્યું કે, કોઈ પણ નાત-જાત, ધર્મના ભેદભાવ વિના આપણે જે પિતા વિહોણી દિકરીઓના લગ્ન પીપી સવાણી ગ્રુપ કરાવે છે તેમની માતા-સાસુને ચારધામ યાત્રા કરાવીએ અને મુસ્લિમ દિકરીઓને તેમના પતિ તથા મહેરમ સાથે ઉમરાહની યાત્રા કરાવીએ. આ વખતે ૩૦૦ ગંગાસ્વરૂપ બહેનોને ૬ અલગ અલગ ગ્રુપમાં અયોધ્યા, વારાસણી, છપૈયા, પ્રયાગરાજની જાત્રા કરાવી છે. છ દિવસની જાત્રાનો તમામ ખર્ચ આ બંને મહાનુભાવોએ ઉઠાવ્યો હતો. ત્યારબાદ ડો. ફારુક પટેલ દ્વારા પીપી સવાણી ગ્રુપ થકી જેના નિકાહ થયા હતા તે પિતા વિહોણી દિકરીઓને તેમના પતિ સાથે મક્કા-મદીના ઉમરાહ લઈ જવાની શરૂઆત કરાવવામાં આવી છે. પહેલા ઉમરાહમાં ડો. ફારૂક પટેલ તેમની ધર્મ-પત્ની સાથે પોતે દિકરીઓ સાથે એજ વિમાનમાં મક્કા પહોંચ્યા છે અને તેમનો દરેક ખર્ચ પણ તેમનું કેપી ગ્રુપ ઉઠાવી રહ્યું છે. આ કદાચ પહેલો કિસ્સો હશે કે આટલી મોટી સંખ્યામાં દરેક પિતા વિહોણી દિકરીને ઉમરાહ નસીબ થશે. પીપી સવાણી ગ્રુપમાં અત્યારસુધી સવાસો જેટલી મુસ્લિમ દિકરીના નિકાહ થયા છે. જેમ જેમ તેમના પાસપોર્ટ બનતા જશે તે રીતે તેઓને ઉમરાહ મોકલવામાં આવશે. પોતાના જીવનનું સૌથી મોટી મુરાદ પુરી થતા મુસ્લિમ દિકરીઓ અને તેમના પરિવારની ખુશીનો કોઈ પાર રહ્યો ન હતો. તેઓએ આ બંને મહાનુભાવો માટે ખૂબ જ દુઆ ગુજારી હતી.

news capital DIGITAL

# કેપી ગ્રુપ અને પીપી સવાણી ગ્રુપે શરુ કરેલા ચારધામ અને ઉમરાહ પ્રવાસની પહેલી ટુર રવાના

Gujarat Surat South Gujarat

News Capital 05-07-2025 22:24:46



**સુરતઃ** નાત-જાત કે ધર્મના ભેદભાવ વગર કેપી ગ્રુપ અને પીપી સવાણી ગ્રુપ દ્વારા શરુ કરેલા "ચારધામ" તેમજ "ઉમરાહ" પ્રવાસ અંતર્ગત હિન્દુ ગંગાસ્વરૂપ 300 બહેનોની "ચારધામ"ની છઠ્ઠી ટુરને ખુશ-ખુશાલ રવાના કરવામાં આવી હતી.

ત્યારબાદ આજ રોજ સુરત કડોદરા ને.હા. પર આવેલા મોહિત ફાર્મમાં મહેશભાઈ સવાણી તેમજ કેપી ગ્રુપના રાજાભાઈ ઉપસ્થિત રહી તમામ સુરત રહેતા મુસ્લિમ દીકરી-જમાઈઓને એકત્ર કરી “મક્કા-મદીના”ની 15 દિવસની પવિત્ર યાત્રા માટે બસ મારફતે મુંબઈ જવા ખુશખુશાલ રવાના કરવામાં આવ્યા હતા.

તેમજ બહારગામ રહેતા દીકરી-જમાઈઓને પોત-પોતાના શહેરના હાઈવે પરથી પિકઅપ કરીને તા.૬/૭/૨૦૨૫ના રોજ મુંબઈ ખાતે કેપી ગ્રુપના ચેરમેન & એમડી ડૉ. ફારુક પટેલ ઉપસ્થિત રહી દીકરી-જમાઈઓને એરપોર્ટ પર એકત્ર કરી તેમની સંગાથે SV771 ફ્લાઈટ દ્વારા આ મુસ્લિમ દીકરીઓના જીવનની એક સ્વપનરૂપ પવિત્ર મક્કા-મદીના યાત્રામાં જવા માટે રવાના થશે.

દક્ષિણ ગુજરાતનું વિશ્વસનીય અખબાર
ધબકાર
www.dhabkar.com
DHABKAR DAILY NEWS PAPER-SURAT
06-07-2025 - SUNDAY

# કેપી ગ્રુપ અને પી. પી. સવાણી ગ્રુપ દ્વારા દીકરી-જમાઈઓ ઉમરાહ માટે રવાના

## કેપી અને પી.પી.સવાણી ગ્રુપ દ્વારા દીકરી અને જમાઈ માટે ચારધામ અને ઉમરાહ પ્રવાસના આયોજન થાય છે

**ધબકાર પ્રતિનિધિ, સુરત, તા. ૦૫**

નાત-જાત કે ધર્મના ભેદભાવ વગર કેપી ગ્રુપ અને પી. પી. સવાણી ગ્રુપ શરુ કરેલ 'ચાર ધામ' તેમજ 'ઉમરાહ' પ્રવાસ અંતર્ગત હિન્દુ ગંગાસ્વરૂપ ૩૦૦ બહેનોની 'ચાર ધામ'ની છઠ્ઠી ટુરને ગત માસની આખરમાં ખુશ-ખુશાલ રવાના કરવામાં આવી હતી.

ત્યાર બાદ આજ રોજ સુરત કઠોદરા ને. હા. પર આવેલ મોહિત ફાર્મમાં મહેશભાઈ સવાણી તેમજ કેપી ગ્રુપના રાજાભાઈ ઉપસ્થિત રહી તમામ સુરત રહેતા મુસ્લિમ દીકરી-જમાઈઓને એકત્ર કરી 'મક્કા-મદીના'ની ૧૫ દિવસની પવિત્ર યાત્રા માટે બસ મારફતે મુંબઈ જવા રવાના કરવામાં આવ્યા તેમજ બહારગામ રહેતા દીકરી-જમાઈઓને પોત-પોતાના શહેરના હાઈવે પરથી પિકઅપ કરીને તા. ૬ના રોજ મુંબઈ ખાતે કેપી ગ્રુપના ચેરમેન અને એમડી ડો. ફારુક પટેલ ઉપસ્થિત રહી દીકરી-જમાઈઓને એરપોર્ટ પર એકત્ર કરી તેમની સંગાથે ફલાઈટ દ્વારા આ મુસ્લિમ દીકરીઓના જીવનની એક સ્વપનરૂપ પવિત્ર મક્કા-મદીના યાત્રામાં જવા માટે રવાના થશે.

જ્યાં અગાઉથી તેમના માટે ૧૫ દિવસની રહેવા માટે હોટલ તેમજ જમવાની અને લોકલ ટ્રાવેલિંગની તમામ વ્યવસ્થા કરવામાં આવી છે.



કેપી ગ્રુપ અને પી. પી. સવાણી ગ્રુપ દ્વારા દીકરી-જમાઈઓ ઉમરાહ માટે રવાના થયા હતા.

હિન્દુસ્તાન કી એકતા
ગુજરાતી દૈનિક અખબાર
4 સુરત, રવિવાર, ૦૬-૦૭-૨૦૨૫
Surat, Sunday 06-07-2025
HINDUSTAN KI EKTA
(Gujarati Daily)

## કે.પી ગ્રુપ અને પી.પી.સવાણી ગ્રુપ શરુ કરેલ ચારધામ અને ઉમરાહ

# પ્રવાસ પૈકી "મક્કા-મદીના" ઉમરાહ પ્રવાસ જવા માટે રવાના







**હિન્દુસ્તાન કી એકતા દૈનિક સમાચાર સુરત**

સુરત. (તા.૫/૭/૨૦૨૫) નાત-જાત કે ધર્મના ભેદભાવ વગર કેપી ગ્રુપ અને પી.પી.સવાણી ગ્રુપ શરુ કરેલ "ચારધામ" તેમજ "ઉમરાહ" પ્રવાસ અંતર્ગત હિન્દુ ગંગાસ્વરૂપ ૩૦૦ બહેનોની "ચારધામ"ની છઠ્ઠી ટુરને ખુશ-ખુશાલ રવાના કરવામાં આવી હતી ત્યાર બાદ આજ રોજ સુરત કઠોદરા ને.હા. પર આવેલ મોહિત ફાર્મમાં મહેશભાઈ સવાણી તેમજ કેપી ગ્રુપના રાજાભાઈ ઉપસ્થિત રહી તમામ સુરત રહેતા મુસ્લિમ દીકરી-જમાઈઓને એકત્ર કરી "મક્કા-મદીના" ની ૧૫ દિવસની પવિત્ર યાત્રા માટે બસ મારફતે



મુંબઈ જવા ખુશ ખુશાલ રવાના કરવામાં આવ્યા તેમજ બહારગામ રહેતા દીકરી-જમાઈઓને પોત-પોતાના શહેરના હાઈવે પરથી પિકઅપ કરીને તા.૬/૭/૨૦૨૫ ના રોજ મુંબઈ ખાતે કેપી ગ્રુપના ચેરમેન ж એમડી ડો.ફારુક પટેલ ઉપસ્થિત રહી દીકરી-જમાઈઓને એરપોર્ટ પર એકત્ર કરી તેમની સંગાથે જી૬૭૭૧ ફલાઈટ દ્વારા આ મુસ્લિમ દીકરીઓના જીવનની એક સ્વપનરૂપ પવિત્ર મક્કા-મદીના યાત્રામાં જવા માટે રવાના થશે. જ્યાં અગાઉથી તેમના માટે ૧૫ દિવસની રહેવા માટે હોટલ તેમજ જમવાની અને લોકલ ટ્રાવેલિંગની તમામ વ્યવસ્થા કરવામાં આવી છે.